જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૪/૧૨/૨૦૧૫ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૪૩૧/૧૫</u>

### <u>દેશી હાથ બનાવટની પીસ્ટલ તથા કારતુસો સાથે પરપ્રાન્તીય યુવકને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ.</u>

નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએ પો.ઇન્સ.એસ.એલ.ચૌધરી નાઓને અમદાવાદ શહેરમાં કોઇ ભાંગફોડીયા પ્રવૃતિ ન થાય તે સારું ગે.કા.ના હથિયારોની હેરાફેરી કરતા ઇસમોને શોધી કાઢી તેઓ વિરુધ્ધમાં સખ્ત કાર્યવાહી કરવા સારું આપેલ સુચનાઓ અનુસંધાને પો.ઇન્સ.શ્રી એસ.એલ.ચૌધરી નાઓએ સ્કોડના અધિ.તથા માણસોને આપેલ સુચના આધારે સ્કોડના પો.સ.ઇ.શ્રી ડી.એસ.ગોહિલ તથા માણસો અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો.રોહિતસીંહ તેજસીંહ નાઓને મળેલ ચોકકસ બાતમી હકિકત આધારે આરોપી દિપકસીંગ શંકરસીંગ રાજપુત ઉવ.૨૬ રહે.બ્લોક નં.૧૩, રુમ નં.૮, ઓડાના મકાન, રોયલ સોસાયટી સામે, મનોહરવીલા ચાર રસ્તા પાસે, નવા નરોડા, અમદાવાદ મુળ વતન ગામ નૈની, તા.જી.અલ્હાબાદ, થાણા અલ્હાબાદ દેહાત, ઉત્તરપ્રદેશ નાને મનોહરવિલા ચાર રસ્તા નિકોલ તરફથી આવતા જાહેર રોડ ઉપર નવાનરોડા અમદાવાદ ખાતેથી એક દેશી હાથ બનાવટની પિસ્ટલ તથા જીવતા કારતુસો નંગ ૨, મળી કુલ્લે કિં.રુ.૧૦,૨૦૦.૦૦ ના અગ્નિશસ્ત્રો સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.આ પકડાયેલ આરોપીની ઝીણવટભરી પુછપરછ દરમ્યાન આરોપીએ આ હથિયાર તથા કારતુસો ઉત્તરપ્રદેશ ખાતે વતનમાંથી લઇ આવી અત્રે અમદાવાદમાં કોઇ ગ્રાહક મળેથી વેચવાની ફીરાકમાં હોવાનું જણાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)